# જેસરના કોબાડીયામાં પાઈપ વડે હુમલો કરનાર બે ઝડપાયા

ભાવનગર,તા.૧

જેસર તાલુકાના કોબાડીયા ગામે સીમ રસ્તે ચાલવા બાબતે થયેલી બોલાચાલીમાં માલઢોર ચરાવી ઘરતરફ આવતા વાડીમાલિક બાધાભાઈ સરવૈયા પર લોખંડની પાઈપ વડે હુમલો કરી ફ્રેક્ચર જેવી ગંભીર ઈજાઓ પહોંચાડનાર અને જાનથી મારી નાખવાની ધમકી આપનાર બે ફરાર આરોપીઓને જેસર પોલીસે ઝડપી લીધા છે. આ બનાવ અંગે જેસર પોલીસ સ્ટેશનમાં BNS અને GPA ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. ભાવનગર જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના અને ડીવાયએસપી મિહિર બારિયાના માર્ગદર્શન હેઠળ જેસર પીઆઈ એચ.જી. કટારીયા તથા તેમની ટીમે ટેકનિકલ અને માનવ સોર્સના આધારે ગણતરીના સમયમાં આરોપીઓ ખોડાભાઈ વામાભાઈ ભંમર (ઉં.વ.૪૬) અને દેહુરભાઈ વામાભાઈ ભંમર (ઉં.વ.૪૪) (બંને રહે. કોબાડીયા) ને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# સરોગેટ માતાઓને પણ મળશે માતૃત્વ લાભો: રાજસ્થાન હાઈકોર્ટનો ઐતિહાસિક ચુકાદો

## બાળક દત્તક લેનાર અને સરોગસી દ્વારા માતા બનનાર મહિલા વચ્ચે ભેદભાવ ન રાખી શકાય; ભારતીય મજદૂર સંઘના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ હસુભાઈ દવેએ નિર્ણયને આવકાર્યો

ભાવનગર,તા.૧

સગર્ભા અને માતૃત્વ લાભો અંગે રાજસ્થાન હાઈકોર્ટે એક અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક નિર્ણય આપ્યો છે. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું છે કે સરોગસી પ્રક્રિયા દ્વારા બાળક પ્રાપ્ત કરનાર માતાઓ (કમિશનિંગ મધર/સરોગેટ પ્રોસેસથી માતા બનનાર) પણ મેટરનિટી બેનિફિટ્સ એક્ટ અને સોશિયલ સિક્યોરિટી કોડ, ૨૦૨૦ હેઠળ માતૃત્વ રજા તથા તમામ સંબંધિત લાભો મેળવવા માટે સંપૂર્ણપણે હકદાર છે.

આ અંગે વિગતો આપતાં ભારતીય મજદૂર સંઘના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ હસુભાઈ દવેએ જણાવ્યું હતું કે, રાજસ્થાન હાઈકોર્ટ સમક્ષ 'શ્રીમતી ચંદા કેસવાની વિરુદ્ધ રાજસ્થાન રાજ્ય' (S.B. CWP No. 7853/2020) અંગેનો કેસ સુનાવણી હેઠળ આવ્યો હતો. જેમાં અદાલતે મેટરનિટી બેનિફિટ્સ એક્ટના સંદર્ભમાં આ ચુકાદો આપ્યો છે, જે સોશિયલ સિક્યોરિટી કોડ, ૨૦૨૦ને પણ સમાન રીતે લાગુ પડે છે કારણ કે બંને કાયદાઓની જોગવાઈઓ એકસમાન છે.

નામદાર રાજસ્થાન હાઈકોર્ટે પોતાના ચુકાદામાં અવલોકન કરતા જણાવ્યું હતું કે, એક સ્ત્રી માત્ર બાળકને જન્મ આપીને જ નહીં, પરંતુ બાળક દત્તક લઈને પણ માતા બની શકે છે. હવે આધુનિક તબીબી વિજ્ઞાનના વિકાસ સાથે સરોગસી પણ સ્ત્રી અથવા દંપતી માટે બાળક મેળવવાનો એક કાયદેસર અને સક્ષમ વિકલ્પ છે. માતૃત્વ લાભો આપવા સંબંધિત કાયદાકીય જોગવાઈઓ એ સામાજિક ન્યાય પ્રાપ્ત કરવાનો હેતુ ધરાવતી લાભદાયી જોગવાઈ છે, તેથી તેનો દૃષ્ટિકોણ પણ સકારાત્મક અને લાભદાયી હોવો જોઈએ. અદાલતે વધુમાં ઉમેર્યું હતું કે સરોગસી પ્રક્રિયા દ્વારા બાળક પ્રાપ્ત કરનાર માતાને માતૃત્વ રજા આપવાનો ઈનકાર કરવો એ તદ્દન અયોગ્ય અને અન્યાયી ગણાશે. દત્તક લેનાર માતા અને પોતાના ઈંડા કે શુક્રાણુના ઉપયોગથી સરોગેટ માતાના ગર્ભાશયમાં ભ્રૂણ રોપીને સરોગસી દ્વારા બાળક મેળવનાર માતા વચ્ચે કાયદાકીય રીતે કોઈ ભેદભાવ રાખી શકાય નહીં. અદાલતના આ માનવીય અને પ્રગતિશીલ નિર્ણયથી કામકાજી મહિલાઓમાં આનંદની લહેર વ્યાપી ગઈ છે.

# પ્રસિદ્ધ કામનાથ મહાદેવ ખાતે કાલે યોજાશે લઘુરુદ્ર પાઠ તથા મહાઆરતી

## પૂર્વ ધારાસભ્ય સ્વ. સુનીલભાઈ ઓઝાની જન્મજયંતિ તથા સ્વ. બાલકૃષ્ણ ઓઝાની પુણ્યતિથિ નિમિત્તે પરિવાર દ્વારા આયોજન

ભાવનગર,તા.૧



ભાવનગરની પશ્ચિમ વિધાનસભાના ભાજપના પૂર્વ ધારાસભ્ય સ્વર્ગસ્થ સુનીલભાઈ ઓઝાની જન્મજયંતિ તથા તેમના પિતાજી સ્વ. બાલકૃષ્ણ ખોડીદાસ ઓઝા (બી.કે. ઓઝા)ની પુણ્યતિથિ નિમિત્તે ઓઝા પરિવાર દ્વારા એક વિશેષ ધાર્મિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ભાવનગર નજીક ભુંભલી - ઘોઘા રોડ પર આવેલા સુપ્રસિદ્ધ કામનાથ મહાદેવ મંદિર ખાતે આ પવિત્ર પ્રસંગ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવશે. આ ધાર્મિક મહોત્સવ અંતર્ગત આગામી તારીખ ૨ સપ્ટેમ્બર ૨૦૨૬, બુધવારના રોજ સવારે ૮:૩૦ થી ૧૨:૦૦ કલાક દરમિયાન વિદ્વાન ભૂદેવો દ્વારા શાસ્ત્રોક્ત વિધિ અને મંત્રોચ્ચાર સાથે લઘુરુદ્ર પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ બપોરે ૧૨:૦૦ કલાકે કામનાથ મહાદેવજીની ભવ્ય મહાઆરતી યોજાશે. ઓઝા પરિવારના વિરલ ઓઝા અને ઋત્વિક ઓઝાના આયોજન તળે સ્વ. સુનીલભાઈ ઓઝાના સ્મરણાર્થે અને સ્વ. બી.કે. ઓઝાની પુણ્યતિથિ પ્રસંગે આયોજિત આ ધર્મકાર્યમાં પરિવારના સભ્યો, મિત્રો, સ્નેહીઓ તથા તમામ આત્મીયજનોને ઉપસ્થિત

# તેરા તુજકો અર્પણ ; ખૂંટવડા પોલીસે ટેમ્પો મૂળ માલિકને પરત સોંપ્યો

ભાવનગર,તા.૧

ભાવનગર રેન્જ આઈજી રાજેન્દ્ર વી. અંસારી, જિલ્લા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેય તથા ઈન્ચાર્જ ડીવાયએસપી રીમા ઝાલાની સૂચનાથી મોટાખૂંટવડા પોલીસે 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ હેઠળ પ્રશંસનીય કામગીરી કરી છે.

મોટાખૂંટવડા પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.જે. યાદવની રાહબરી હેઠળ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની વિવિધ કલમો હેઠળ નોંધાયેલા ગુનામાં આરોપી પાસેથી રૂ. ૧ લાખની કિંમતનો લાલ રંગનો ટેમ્પોનં. GJ-15-AT-1118 કબ્જે કરવામાં આવ્યો હતો. ત્યારબાદ મૂળ માલિક કોર્ટમાંથી વાહન છોડાવવાનો આદેશ લઈને આવતા, પોલીસે કાયદેસરની પ્રોસેસ કરી માલિકની ઓળખની ખાતરી કરીને આ વાહન સન્માનપૂર્વક મૂળ માલિકને સોંપ્યું હતું. આ સરાહનીય કામગીરી પીએસઆઈ આર.જે. યાદવ, એન.કે. બોળિયા, હાર્દિકભાઈ પંડ્યા અને માધુરીબેન જાનીની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

# પચ્છેગામમાં જુગારનો દરોડો પડતા નાસભાગ : ૨ ઝડપાયા, ૭ ભાગી છૂટયા !

## લોકલ ક્રાઈમ બ્રાન્ચે કરેલા દરોડામાં રોકડ, મોબાઈલ અને ૫ મોટરસાઈકલ સહીત ૧.૪૭ લાખનો મુદ્દામાલ ઝબ્બે

ભાવનગર,તા.૧

ભાવનગર જિલ્લામાં દારૂ અને જુગારની અસામાજિક પ્રવૃત્તિઓ પર નાથવા માટે પોલીસ વડાની સૂચનાથી ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ એ એક સફળ કામગીરી હાથ ધરી છે. વલ્લભીપુર તાલુકાના પચ્છેગામ ખાતે ખુલ્લામાં ચાલતા તીનપત્તીના જુગારધામ પર એલસીબીની ટીમે દરોડો પાડી ૨ ઈસમોને ઝડપી પાડ્યા છે, જ્યારે ૭ આરોપીઓ પોલીસને જોઈ નાસી છૂટ્યા હતા.

ભાવનગર રેન્જ આઈજી રાજેન્દ્ર વી. અસારી તથા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેયની સૂચના હેઠળ એલસીબી ઈન્ચાર્જ પીઆઈ પી.સી. શીગરખીયાના માર્ગદર્શનમાં સ્ટાફ વલ્લભીપુર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન બાતમી મળી હતી કે પચ્છેગામ ખાતે જયપાલસિંહ બાબભા ગોહિલના મકાનની બહાર જાહેર ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો પૈસા-પાના વડે તીનપત્તીનો જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો.

પોલીસે સ્થળ પરથી જુગાર રમતારવિરાજસિંહ ઉર્ફે નાનભા ગોહિલ (રહે. પચ્છેગામ) અને મનહરભાઈ બચુભાઈ પીપળીયા(રહે. કંથારીયા)ને રોકડ રૂ. ૨૨,૨૦૦, ૨ મોબાઈલ ફોન કિંમત રૂ. ૧૦,૦૦૦ તથા ૫ મોટરસાઈકલ કિંમત રૂ. ૧,૧૫,૦૦૦મળી કુલ રૂ. ૧,૪૭,૨૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

દરોડા દરમિયાન દડવા, વડોદ, કંથારીયા અને પચ્છેગામના ૭ આરોપીઓ નિલુભા ઉર્ફે એન.ડી. ગોહિલ, જીકાભાઈ પીપળીયા, કાળુભાઈ ડાબસરા, જયપાલસિંહ ગોહિલ, અનોપભાઈ સોલંકી, પ્રદિપભાઈ મકવાણા અને સિધ્ધરાજસિંહ ઉર્ફે એસ.કે. ગોહિલ નાસી છૂટ્યા હતા. તમામ ૯ આરોપીઓ વિરુદ્ધ વલ્લભીપુર પોલીસ સ્ટેશનમાં જુગાર ધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.



# વિદેશની ધરતી પર ભાવેણાની 'કલાક્ષેત્ર' સંસ્થા દ્વારા કથક નૃત્યની થઈ પ્રસ્તુતિ

## બેંગકોકમાં આર્ય સમાજ, ફાઈન આર્ટસ મહોત્સવ અને ઈન્ડિયન એમ્બેસી દ્વારા આયોજિત વિવિધ કાર્યક્રમોમાં દાદ મેળવતા કલાકારો

ભાવનગર,તા.૧



ભાવનગરની ખ્યાતનામ ગાયન-વાદ ન-નર્તન મહાવિદ્યાલય 'કલાક્ષેત્ર' સંસ્થા દ્વારા થાઈલેન્ડના બેંગકોક ખાતે ભારતીય સંસ્કૃતિ અને કથક નૃત્યની અદ્ભુત પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ પ્રસ્તુતિ માટે 'કલાક્ષેત્ર' સંસ્થાના ગુરુ જિગર ભટ્ટ તથા ચાર વિદ્યાર્થીનીઓ રુતાલી ભટ્ટ, હેલી ભટ્ટ, મીલી જગડ અને આયુષી જોશી ગત તારીખ ૨૨/૦૮/૨૦૨૬ ના રોજ બેંગકોક (થાઈલેન્ડ) પહોંચ્યા હતા. જ્યાં તેઓએ તા. ૨૩/૦૮/૨૦૨૬ ના રોજ 'આર્યસમાજ - બેંગકોક' આયોજિત કાર્યક્રમમાં આર્યસમાજ મંદિર ખાતે કથક નૃત્યની મનોરમ પ્રસ્તુતિ કરી હતી. આ ઉપરાંત, કલાકારોએ જે.એસ. ફાઈન આર્ટસ દ્વારા આયોજિત 'આંતરરાષ્ટ્રીય નૃત્ય મહોત્સવ' માં શિવ વિહાર મંદિર ખાતે તેમજ આઈ.સી.સી.આર. અને એમ્બેસી ઓફ ઈન્ડિયા (ભારતીય દૂતાવાસ) દ્વારા આયોજિત રક્ષાબંધન ઉત્સવમાં 'સ્વામી વિવેકાનંદ કલ્ચરલ સેન્ટર - બેંગકોક' ખાતે પણ કથક નૃત્યની પ્રસ્તુતિ કરીને ઉપસ્થિત દર્શકોની ભારે દાદ મેળવી હતી.આયોજન દરમિયાન દરેક કલાકારોની ઉત્કૃષ્ટ રજૂઆત બદલ તેઓને મોમેન્ટો તથા સર્ટિફિકેટ આપીને વિશેષ સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ભાવ. રેલવેના બે લોકો પાયલટોને ઉત્કૃષ્ટ સતર્કતા બદલ 'DRM સંરક્ષા પુરસ્કાર'

## ટ્રેક પર ઊંટ બેઠેલો જોઈ ઈમરજન્સી બ્રેક લગાવી અકસ્માત ટાળનાર કર્મચારીઓની કદર કરતા ડીઆરએમ

ભાવનગર,તા.૧





પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ ખાતે સુરક્ષિત રેલ પરિચાલન પ્રત્યે અસાધારણ સજાગતા દાખવનાર લોકો પાયલટ કાલિદાસ જી. સિસોદિયા અને વરિષ્ઠ સહાયક લોકો પાયલટ જગદીશ પ્રસાદ સાહુને મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્મા દ્વારા 'હ્રઈસ સંરક્ષા પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવ્યા છે.

ગતાં ૨૭ ઓગસ્ટના રોજ વાંસજાલિયા-રાણાવાવ રેલખંડ પર દાદર-પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ ચલાવતી વખતે બ્રિજ નંબર ૯૫ નજીક ટ્રેક પર એક ઊંટ બેઠેલો જોવા મળ્યો હતો. બંને કર્મચારીઓએ તાત્કાલિક સૂઝબૂઝ વાપરી ઈમરજન્સી બ્રેક લગાવી ટ્રેન રોકી દીધી હતી. ત્યારબાદ રેલવે ટીમે ત્વરિત રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી ઊંટને સુરક્ષિત બહાર કાઢી રેલ વ્યવહાર પૂર્વવત કર્યો હતો.

ભાવનગર પરા કાર્યાલય ખાતે યોજાયેલા સમારોહમાં હ્રઈસ દિનેશ વર્માએ બંને કર્મચારીઓની કર્તવ્યનિષ્ઠાની પ્રશંસા કરી પ્રશસ્તિપત્ર અને મેડલ એનાયત કર્યા હતા. વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીએ આ કામગીરીને અન્ય કર્મચારીઓ માટે પ્રેરણાદાયી ગણાવી હતી.

# પી.એન.આર. સોસાયટી દ્વારા ૯૫ દિવ્યાંગોને ગ્રોસરી કીટ વિતરણ અને રક્ષાબંધનની ઉજવણી

## ગોકુલભાઈ શાહ અને દાતાઓના સહયોગથી ૯મો રાઉન્ડ યોજાયો, વિવિધ શાળાઓ અને પ્રોજેક્ટના બાળકોએ ઉત્સાહભેર ઉત્સવ મનાવ્યો

ભાવનગર,તા.૦૧

ભાવનગર સ્થિત પી.એન.આર. સોસાયટી દ્વારા ગોકુલભાઈ શાહ તેમજ અન્ય દાતાઓના વિશેષ સહયોગથી ૯મા રાઉન્ડ અંતર્ગત ૯૫ જેટલા દિવ્યાંગ લાભાર્થીઓને ૧૮ જરૂરી ખાદ્ય સામગ્રી ધરાવતી ગ્રોસરી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સંસ્થાના માનદ મંત્રી કિરીટભાઈ રાઠોડ, ટ્રેઝરર હર્ષકાંતભાઈ રાખશિયા, ઈન્ચાર્જ પ્રિન્સિપાલ જિજ્ઞાબેન સોલંકી તેમજ પ્રાણશંકરભાઈ જાની, કેતનભાઈ રૂપેરા અને દિનેશભાઈ મકવાણા સહિતના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમના હસ્તે કીટ અર્પણ કરાઈ હતી.

આ પ્રસંગે સોસાયટી ખાતે રક્ષાબંધન પર્વની પણ હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સી.પી. સ્કૂલ, ઓટિઝમ પ્રોજેક્ટ, દિશા વિકાસ પ્રોજેક્ટ અને કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલના સ્ટાફ અને બાળકો જોડાયા હતા. બહેનોએ ભાઈઓને કુમકુમ તિલક કરી રક્ષાસૂત્ર બાંધીને સુખ-સમૃદ્ધિની શુભકામનાઓ પાઠવી હતી. આ સમગ્ર આયોજનનું સફળ સંચાલન ખેવનાબેન ઓઝા દ્વારા કરવામાં આવ્યું હતું.

# જન્માષ્ટમીના તહેવારને લઈ મહુવા માર્કેટિંગ યાર્ડ ૩ દિવસ બંધ રહેશે

ભાવનગર,તા.૦૧

ભાવનગર જિલ્લાના મહુવા માર્કેટિંગ યાર્ડ ખાતે સાતમ-આઠમ (જન્માષ્ટમી) ના તહેવારોને ધ્યાને રાખીને મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જન્માષ્ટમીના તહેવારોની ઉજવણીના ભાગરૂપે મહુવા માર્કેટિંગ યાર્ડમાં સળંગ ત્રણ દિવસ સુધી તમામ પ્રકારની જણસીઓની હરાજીનું કામકાજ સંપૂર્ણપણે બંધ રાખવામાં આવશે. મહુવા માર્કેટિંગ યાર્ડના સેક્રેટરી દ્વારા આપવામાં આવેલી સત્તાવાર જાણકારી મુજબ, તારીખ ૩ સપ્ટેમ્બરથી ૫ સપ્ટેમ્બર સુધી યાર્ડમાં હરાજીની કામગીરી બંધ રહેશે. ત્યારબાદ રવિવારની રજા બાદ તારીખ ૭ સપ્ટેમ્બર, સોમવારથી માર્કેટિંગ યાર્ડનું તમામ કામકાજ રાબેતા મુજબ પુનઃ શરૂ કરવામાં આવશે.આ નિર્ણય અંગે ખેડૂતો, વેપારીઓ તેમજ ટ્રાન્સપોર્ટરોને નોંધ લેવા અને તે મુજબ પોતાનો માલ યાર્ડમાં લાવવાનું આયોજન કરવા જણાવવામાં આવ્યું છે.

# ભાદ્રોડના ભદ્રેશ્વર મહાદેવ મંદિરે વીર હમીરજી ગોહિલના બલીદાનને ઉજાગર કરતો શણગાર

## શ્રાવણ માસમાં ઐતિહાસિક શિવાલયે દરરોજ શણગાર સાથે થતી શિવવંદના

ભાવનગર,તા.૧




મહુવા તાલુકાના પૌરાણિક અને ઐતિહાસિક એવા ભાદ્રોડ ગામે આવેલા ભદ્રેશ્વર મહાદેવ મંદિરે પવિત્ર શ્રાવણ માસના સોમવાર નિમિત્તે વિશેષ ધાર્મિક કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. શ્રાવણ માસ દરમિયાન યોજાતી મહાપૂજાના ભાગરૂપે દરરોજ મહાદેવજીને અલગ-અલગ સ્વરૂપમાં સજાવવામાં આવે છે, જેના ભાગરૂપે આ સોમવારે ભગવાન ભદ્રેશ્વર મહાદેવને 'હમીરજી ગોહિલ'નો ખાસ અને આકર્ષક શણગાર કરવામાં આવ્યો હતો. હમીરજી ગોહિલના અલૌકિક શણગારની સાથે સમગ્ર મંદિર પરિસરને વિવિધ રંગબેરંગી પુષ્પો અને સજાવટથી સુશોભિત કરવામાં આવ્યું હતું. ભૂદેવો દ્વારા શાસ્ત્રોક્ત વિધિ-વિધાન અને વૈદિક મંત્રોચ્ચાર સાથે હાથ ધરાયેલી આ મહાપૂજાથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. આ દિવ્ય દર્શનનો લાભ લેવા માટે ભાદ્રોડ ગામ ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા.

### પૌરાણિક આસ્થા અને પરંપરાનું કેન્દ્ર છે આ શિવાલય

**ભાદ્રોડનું આ ભદ્રેશ્વર ધામ લોકમાન્યતાઓ અને પૌરાણિક કથાઓ સાથે જોડાયેલું અત્યંત પવિત્ર સ્થળ માનવામાં આવે છે. લોકવાયકા અનુસાર, ભગવાન શ્રીકૃષ્ણ અને રુક્મિણીજીની કથા સાથે જોડાયેલા આ સ્થળે સ્વયં શિવલિંગની સ્થાપના કરવામાં આવી હતી. સમગ્ર શ્રાવણ માસ દરમિયાન ચાલતી આ ધાર્મિક પરંપરા અને દરરોજ અનોખા ભાવ સાથે કરવામાં આવતો શણગાર ભાદ્રોડ ગામની આસ્થા, સંસ્કૃતિ અને એકતાનું પ્રતીક બની રહ્યો છે.**

# સાચો સર્જક વર્તમાન શાસકને પ્રશ્ન કરે જ - શરીફાબેન વીજળીવાળા

## લોકભારતી સણોસરામાં 'દર્શક' સ્મારક વ્યાખ્યાન સાથે યોજાયેલ પૂર્વ વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ




ભાવનગર,તા.૦૧

લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સણોસરામાં 'દર્શક' સ્મારક વ્યાખ્યાન આપતાં શરીફાબેન વીજળીવાળાએ કહ્યું જે, સાચો સર્જક વર્તમાન શાસકને પ્રશ્ન કરે જ. આ સાથે અહીંયા ચાર પૂર્વ વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ યોજાયેલ.

ગોહિલવાડની જાણિતી શિક્ષણ સંશોધન સંસ્થા લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સણોસરાના પ્રણેતા, ગાંધીવિચારના પ્રણેતા, કેળવણીકાર અને શીલભદ્ર સાહિત્યસર્જક મનુભાઈ પંચોળી 'દર્શક' સ્મારક વ્યાખ્યાનમાળામાં લેખિકા અને અભ્યાસુ અધ્યાપિકા શરીફાબેન વીજળીવાળા 'સાહિત્ય અને સમાજ' વિષય ઉપર વ્યાખ્યાન આપતાં કહ્યું કે, નવું સર્જન એ જૂના સર્જનના ભોગે નથી હોતું, મૂલ્યો સાથે નવું થતું હોય છે. સમાજ અને સાહિત્ય પરસ્પર સંકળાયેલ છે. સાચો સર્જક વર્તમાન શાસકને પ્રશ્ન કરે જ.

સંસ્થાના વડા અરુણભાઈ દવેએ આવકાર અને ભૂમિકા પ્રસ્તુત કરતાં નાનાભાઈ ભટ્ટ તથા મનુભાઈ પંચોળી દ્વારા લોકભારતીના મૂલ્યો જળવાઈ રહ્યાંનાં ગૌરવ ઉલ્લેખ સાથે આત્મજ્ઞાન, વિજ્ઞાન અને અભ્યાસ એ લોકભારતી છે, તેમ ભાવ જણાવ્યો.

આ વ્યાખ્યાન સાથે અહીંયા ચાર પૂર્વ વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ યોજાયેલ, જેમાં પ્રાકૃતિક ખેતી અને આરોગ્ય માટે મૂળજીભાઈ ભલાણી, બાળ સાહિત્ય માટે વાસુદેવભાઈ સોઢા, શિક્ષણ માટે બળવંતભાઈ તેજાણી અને ગ્રામવિકાસ માટે જયેશભાઈ રાવળ સન્માનિત થયાં. આ ઉપક્રમના સંચાલનમાં હસમુખભાઈ દેવમુરારિ રહ્યાં અને કહ્યું કે, સમાજમાં સારું કામ કરનારનાં પોંખણાં થઈ રહ્યાંનો સૌને રાજીપો છે. આ પ્રસંગે રામચંદ્રભાઈ પંચોળીએ પોતાના ભાવ સાથે આભાર દર્શન પ્રસ્તુત કરેલ.અહીંયા સંગીતવૃંદ દ્વારા સુંદર ગીતગાન રજૂ થયેલ. સંસ્થા પરિવાર કાર્યકર્તાઓ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

# સગીરાના અપહરણ અને દુષ્કર્મ કેસમાં આરોપીને ૨૦ વર્ષની સખ્ત કેદ : સુપ્રીમ કોર્ટના આદેશથી ૩ મહિનામાં ટ્રાયલ પૂર્ણ

## ૧૮ સાક્ષીઓ અને ૪૦ પુરાવાઓને આધારે એડિશનલ સેશન્સ જજે આરોપી આસીફખાન મલેકને ફટકારી આકરી સજા

ભાવનગર,તા.૧

ભાવનગરની ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટે સગીરાને લગ્નની લાલચ આપી અપહરણ કર્યા બાદ દુષ્કર્મ આચરવાના ગંભીર ગુનામાં એક મહત્વપૂર્ણ ચુકાદો સંભળાવ્યો છે. મૂળ સુરેન્દ્રનગર જિલ્લાના ખાટડી તાલુકાના પીપળી ગામના વતની અને હાલ ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના સણોસરા ગામે મેઈન બજારમાં પોસ્ટ ઓફિસ બાજુમાં રહેતા ૨૮ વર્ષીય આરોપી આસીફખાન રસુલખાન મલેકે સણોસરા વિસ્તારમાં અભ્યાસ અર્થે અપડાઉન કરતી ૧૭ વર્ષ, ૮ મહિના અને ૨૨ દિવસની સગીરાને લલચાવી-ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી હતી. ભોગબનનાર સગીર વયની હોવાનું જાણવા છતાં આરોપી તેને કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી ગયો હતો અને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું.

આ બનાવ અંગે સગીરાના પિતાએ તા. ૧૭/૦૯/૨૦૨૫ ના રોજ ભાવનગરના નિલમબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવતા પોલીસે ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૧૩૭, 87, 64(2)(m) તથા પોક્સો (POCSO) એક્ટની કલમ ૪, ૬, ૧૮ હેઠળ ગુનો નોંધી આરોપીની અટકાયત કરી તેને જેલહવાલે કર્યો હતો. કેસ દરમિયાન આરોપી જેલમાં હોય, તેની જામીન અરજી સુપ્રીમ કોર્ટ સુધી પહોંચી હતી, જ્યાં તા. ૨૬/૦૫/૨૦૨૬ ના રોજ સુપ્રીમ કોર્ટે ૩ માસની અંદર આ કેસની ટ્રાયલ પૂર્ણ કરવા આદેશ આપ્યો હતો. જે બાદ ભાવનગરના એડિશનલ સેશન્સ જજ એન. જી. દવે ની અદાલતમાં આ કેસ ચાલવા પર આવતા, અદાલતે સરકારી વકીલ ગીતાબા પી. જાડેજાની અસરકારક દલીલો, ૧૮ સાક્ષીઓની



જુબાની તથા ૪૦ જેટલા દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને રાખીને આરોપી આસીફખાન મલેકને ગુનેગાર ઠેરવી જુદી જુદી કલમો હેઠળ ૨૦ વર્ષની સખ્ત કેદની સજા તથા રોકડ દંડ ફટકાર્યો હતો.

# પત્નીના રિસામણાની દાઝ રાખી દંપતી પર છરીથી હુમલો કરનાર જમાઈને ૭ વર્ષની કેદ

## મહુવા અદાલતે ૩૦૭ અને ૩૨૪ના ગુનામાં આરોપી હસમુખ બાંભણિયાને દોષિત ઠેરવી સજા સાથે દંડ પણ ફટકાર્યો

ભાવનગર,તા.૧

મહુવા તાલુકાના ચોકવા ગામે રહેતા ભાનુબેન મકવાણાએ પોતાની ભાણેજ કૈલાશબેનની સગાઈ હસમુખ વિઠ્ઠલભાઈ બાંભણિયા સાથે કરાવી હતી. જોકે, દંપતી વચ્ચે અણબનાવ બનતાં કૈલાશબેન પિયરમાં રિસામણે બેઠા હતા. આ બાબતની ખાર રાખીને આરોપી હસમુખ બાંભણિયાએ ભાનુબેન અને તેમના પતિ જેરામભાઈ મકવાણા પર છરી વડે જીવલેણ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.

આ અંગે મહુવા પોલીસ સ્ટેશનમાં કલમ ૩૦૭ અને ૩૨૪ મુજબ ગુનો નોંધાયો હતો. આ કેસ મહુવાના એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ અતુલકુમાર એસ. પાટીલની અદાલતમાં ચાલી જતાં સરકારી વકીલ કમલેશભાઈ એચ. કેસરીની અસરકારક દલીલો, ૨૧ મૌખિક અને ૩૩ લેખિત પુરાવાઓને આધારે ગુનો સાબિત થયો હતો. અદાલતે આરોપી હસમુખને તકસીરવાન ઠેરવી ૭ વર્ષની સાદી કેદની સજા અને રૂ. ૫,૦૦૦નો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

# ટીંબીની નિર્દોષાનંદજી હોસ્પિટલે દર્દીને આપ્યું નવજીવન ૨૧ લાખનો ખર્ચ ધરાવતું જટિલ ઓપરેશન ફ્રીમાં કરાયું

ભાવનગર,તા.૧

ભાવનગર જિલ્લાના ટીંબી સ્થિત સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ ખાતે એક દર્દીનું અત્યંત જટિલ અને ખર્ચાળ ઓપરેશન તદ્દન વિનામૂલ્યે સફળતાપૂર્વક હાથ ધરીને માનવસેવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે.



પ્રાપ્ત વિગત મુજબ, એક દર્દીએ ભુલથી કે અન્ય કારણોસર એસિડ પી લેતાં તેમના જઠર અને નાના આંતરડા વચ્ચેનો રસ્તો સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો. આ ગંભીર પરિસ્થિતિમાં દર્દીના પરિવારજનોએ સુરતની ખાનગી હોસ્પિટલનો સંપર્ક કરતાં ત્યાં ઓપરેશન માટે આશરે ૨૧ લાખ રૂપિયાનો અંદાજિત ખર્ચ બતાવવામાં આવ્યો હતો. આટલી મોટી રકમનો ખર્ચ વહન કરવામાં અસમર્થ એવા પરિવારજનો આશા સાથે ટીંબી સ્થિત સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલે પહોંચ્યા હતા.

જ્યાં ગત તા. ૨૦ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ હોસ્પિટલના સર્જિકલ વિભાગના નિષ્ણાત એમ.એસ. ડૉ. બિનોય પટેલ તેમજ અનેસ્થેટિક ડૉ. અંકિતા મેરુલિયા (પટેલ)ની આગેવાની હેઠળ દર્દીનું 'ગેસ્ટ્રોજેજુનોસ્ટોમી એન્ડ જેજુનોજેજુનોસ્ટોમી' નામનું જટિલ સર્જિકલ ઓપરેશન તદ્દન ફ્રી (વિનામૂલ્યે) કરવામાં આવ્યું હતું. આ સફળ ઓપરેશનમાં ઓ.ટી. ટીમ મેમ્બર્સ તરીકે ડૉ. કૃણાલ ત્રિવેદી, ચિંતન પંડ્યા, મીનીબેન નૈયર અને કલ્પેશ જોડાયા હતા. હોસ્પિટલના પ્રણેતા પૂજ્યપાદ સદ્ગુરુદેવની દિવ્ય કૃપા અને તબીબોની ત્વરિત કામગીરીથી દર્દીનું ઓપરેશન સફળ રહ્યું છે અને તેઓ હવે સંપૂર્ણ સ્વસ્થ છે.

## એસિડ પીવાથી જઠર અને આંતરડાનો રસ્તો બંધ થઈ ગયેલા દર્દીનું 'ગેસ્ટ્રોજેજુનોસ્ટોમી એન્ડ જેજુનોજેજુનોસ્ટોમી' ઓપરેશન સફળતાપૂર્વક સંપન્ન

# ખોડીદાસ પરમાર આર્ટ ફાઉન્ડેશન દ્વારા 'ઓપન ગુજરાત' ચિત્ર અને ફોટોગ્રાફી સ્પર્ધા યોજાશે

## તદન નિઃશુલ્ક સ્પર્ધા માટે ૧ થી ૯ સપ્ટેમ્બર સુધી ઓનલાઈન એન્ટ્રી મોકલવાની રહેશેઃ રૂ. ૧ લાખના ઈનામો અપાશે



ભાવનગર,તા.૧

કળા અને સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવાના શુભ આશયથી ખોડીદાસ પરમાર આર્ટ ફાઉન્ડેશન દ્વારા 'ઓપન ગુજરાત ખોડીદાસ પરમાર ચિત્ર સ્પર્ધા' અને 'રસિકભાઈ હેમાણી ફોટોગ્રાફી સ્પર્ધા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા કમ પ્રદર્શન તમામ કલાપ્રેમીઓ માટે તદન ફ્રી રાખવામાં આવ્યું છે, જેમાં વિજેતાઓ માટે કુલ રૂ. ૧,૦૦,૦૦૦ ના આકર્ષક ઈનામો રાખવામાં આવ્યા છે.

આ હરીફાઈમાં ફોટોગ્રાફી માટે 'મોનસૂન' વિષય નક્કી કરાયો છે, જ્યારે ચિત્રકલા વિભાગમાં સ્પર્ધકો કોઈપણ વિષય પર ભારતની લોકશૈલીમાં ચિત્ર તૈયાર કરી શકશે. ઉત્સુક કલાકારોએ પોતાના તૈયાર કરેલા ચિત્રો અને ફોટોગ્રાફ્સ તારીખ ૧ થી ૯ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન ઓનલાઈન મોકલવાના રહેશે. ત્યારબાદ પસંદગી પામેલી કૃતિઓના દાવેદારોને મોબાઈલ દ્વારા જાણ કરવામાં આવશે અને તેમણે પોતાની કૃતિઓ તા. ૧૨ અને ૧૩ સપ્ટેમ્બરે ફ્રેમ સાથે જમા કરાવવાની રહેશે. આ સિલેક્ટ થયેલી કૃતિઓનું પ્રદર્શન અને ઈનામ વિતરણ તા. ૧૯ અને ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સરદારનગર સ્થિત શ્રી ખોડીદાસ પરમાર આર્ટ ગેલેરી ખાતે યોજાશે. આ સ્પર્ધા અંગે વધુ વિગતો મેળવવા માટે અમુલભાઈ પરમાર (૯૮૨૪૩૯૦૫૯૫), અશોકભાઈ પટેલ (૭૫૭૪૮૮૩૦૦૦) અથવા ધવલ પરમાર (૮૭૫૮૭૭૪૪૭૦)નો સંપર્ક કરી શકાશે.

# મહુવા યાર્ડમાં લાલ ડુંગળીના ભાવ રૂ. ૯૫૧ બોલાયા



મહુવા માર્કેટિંગ યાર્ડમાં ૩૧ ઓગસ્ટના રોજ લાલ ડુંગળીની સારી આવક નોંધાઈ હતી. ખેડૂતો દ્વારા કુલ ૩,૧૧૩ થેલી લાલ ડુંગળીનું વેચાણ થયું હતું.

હરાજી દરમિયાન, લાલ ડુંગળીના ભાવ પ્રતિ ૨૦ કિલો (મણ) રૂ. ૭૮ થી રૂ. ૯૫૧ સુધી બોલાયા હતા. ડુંગળીની ગુણવત્તા મુજબ ભાવમાં તફાવત જોવા મળ્યો હતો. હલકી ગુણવત્તાવાળી ડુંગળી ઓછા ભાવે વેચાઈ હતી, જ્યારે શ્રેષ્ઠ ગુણવત્તાવાળા માલને રૂ. ૯૫૧નો ઉંચો ભાવ મળ્યો હતો. યોગ્ય ભાવ મળતા ખેડૂતોમાં સંતોષ જોવા મળ્યો હતો.

# એક સ્મરણ : સિહોરની નવ નાથ યાત્રા અને સ્વ. સુનિલભાઈ ઓઝા...





ગોહિલવાડના ઐતિહાસિક છોટે કાશી ગણાતાં સિહોરના નવ નાથ મહાદેવની યાત્રા ભાવનગરના પૂર્વ ધારાસભ્ય અને ઉત્તરપ્રદેશ ભાજપના સહપ્રભારી રહેલાં સ્વર્ગીય સુનીલભાઈ ઓઝા લાભ લેતાં રહેતાં. શ્રાવણ માસ દરમિયાન તેઓ ત્રણ દસકાથી આ પરંપરાગત યાત્રા દર્શન લાભ લેતાં હતાં, જેમાં સાથી કાર્યકર્તાઓ જોડાતાં રહેતાં, આજે આ સ્મરણ તસવીર રહી છે, તેઓએ આ ઉપક્રમને નક્કર સ્વરૂપ માટેની હિમાયત કરી હતી અને આ વર્ષે વિશેષ આયોજન પણ થયું છે. વર્ષ ૨૦૨૨માં શ્રવણ માસની આ યાત્રા આયોજનમાં જગદીશસિંહ ગોહિલના સંકલન સાથે ભાવનગર જિલ્લા પંચાયત તત્કાલીન પ્રમુખ ભરતસિંહ ગોહિલ, સિહોર નગરપાલિકા તત્કાલીન અધ્યક્ષ વિક્રમભાઈ નકુમ, ભાજપ અગ્રણીઓ હર્ષદભાઈ દવે, હેમરાજસિંહ સોલંકી, ઉમેશભાઈ મકવાણા, શંકરમલ કોકરા, શશીકાંત ભોજ, સુરેશભાઈ માંગુકિયા, રાકેશભાઈ છેલાણા, છગનભાઈ ભોજ સહિત કાર્યકર્તાઓ નવ નાથ યાત્રામાં સાથે રહ્યા હતા. (તસવીર : મૂકેશ પંડિત)

# સરદારધામ દ્વારા ૧,૧૫૦ સર્વ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને રૂ.૫ કરોડની ઉચ્ચ શિક્ષણ સહાય

## "ડૉ. ચિતરંજનભાઈ પટેલ ઉચ્ચ શિક્ષણ સહાય યોજના" અંતર્ગત સર્વ સમાજના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરાયા

અમદાવાદ,તા.૧

સામાજિક ક્રાંતિ અને સમરસતાના ભાગરૂપે સરદારધામ, અમદાવાદ ખાતે "ડૉ. ચિતરંજનભાઈ પટેલ (USA) ઉચ્ચ શિક્ષણ સહાય યોજના" હેઠળ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે ૧,૧૫૦ તેજસ્વી અને આર્થિક રીતે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ?૫ કરોડની શિક્ષણ સહાયના ચેક વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

સરદારધામ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં મેડિકલના ૨૦૫, એન્જિનિયરિંગ/IIT™k 661, ફાર્મસીના ૨૯, સાયન્સના ૩૧ અને મ્ઝ્છ/જનરલ સ્ટ્રીમના ૨૨૪ વિદ્યાર્થીઓને મેરિટના આધારે સહાય આપવામાં આવી હતી. આ યોજનામાં ચીમનભાઈ અગ્રવાલ, ડૉ. કે. આર. શ્રોફ




ફાઉન્ડેશન, AIA CSR ફાઉન્ડેશન, મેઘમણી પરિવાર અને પુનમચંદભાઈ પટેલ જેવા દાતાઓનો મુખ્ય સહયોગ રહ્યો છે.

સરદારધામનો મુખ્ય ઉદ્દેશ્ય સર્વ સમાજના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે પ્રોત્સાહન આપી રાષ્ટ્ર નિર્માણમાં તેમનું યોગદાન સુનિશ્ચિત કરવાનો છે.

# કોળીયાક આઉટ પોસ્ટ ખાતે લોક દરબાર યોજાયોઃ ભાદરવી અમાસના મેળાની ચર્ચા

## ૧૫ વર્ષથી બંધ પડેલી પોલીસ ચોકી જમાદાર અને સ્ટાફના પ્રયાસોથી પુનઃ શરૂ કરાઈ



કોળિયાક,તા.૧

ભાવનગર તાલુકાના કોળીયાક ગામે પોલીસ આઉટ પોસ્ટ ખાતે રવિવારના રોજ લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. ઘોઘા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ચાવડા, આઉટ પોસ્ટના જમાદાર દેવકુભાઈ ગઢવી તથા સ્ટાફની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં કોળીયાક આસપાસના ૧૪ ગામોના સરપંચો, વેપારીઓ અને અગ્રણીઓ જોડાયા હતા.

આ લોક દરબારમાં આગામી જન્માષ્ટમીનો આઠમનો મેળો અને ભાદરવી અમાસના મેળાને શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન કરવા અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, છેલ્લા ૧૫ વર્ષથી કોળીયાક આઉટ પોસ્ટ પડતર હાલતમાં હતી અને ત્યાં કાયમી કોઈ પોલીસ કર્મચારી રહેતું નહોતું. જો કે, જમાદાર દેવકુભાઈ ગઢવી તેમજ જી.આર.ડી. અને એસ.આર.ડી. સ્ટાફે ભારે જહેમત ઉઠાવી આ જૂની ચોકીનું રીનોવેશન કરી તેને ફરીથી ધમધમતી કરી છે. પોલીસની આ પહેલને કોળીયાક ગામના સરપંચ જગદીશભાઈ સહિતના ૧૪ ગામના આગેવાનો અને પત્રકારો દ્વારા આવકારવામાં આવી હતી.


**પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન**

**વિવિધ એન્જીનિયરીંગ કામ**

| ક્રમ નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| ૦૧ | ૧૩૩-૨૦૨૬-૨૭ | ટ્રેક કામના મંજુર થયેલ કામના સંબંધમાં ગોંડલ-વીરપુર – TRR (P) - 16.000 Tkm | ૨,૯૩,૫૪,૨૮૭.૭૩ | ૫,૮૭,૧૦૦.૦૦ |
| ૦૨ | ૧૩૪-૨૦૨૬-૨૭ | ટ્રેક કામના મંજુર થયેલ કામના સંબંધમાં કોથરીયા-રીબડા – TRR (P) - 10.00 Tkm | ૧,૯૪,૦૧,૬૩૫.૫૩ | ૩,૮૮,૦૦૦.૦૦ |
| ૦૩ | ૧૩૫-૨૦૨૬-૨૭ | ટ્રેક કામના મંજુર થયેલ કામના સંબંધમાં વીરપુર-જેતલસર – TRR (P) - 19.200 Tkm | ૩,૭૯,૦૯,૨૨૪.૯૩ | ૭,૫૮,૨૦૦.૦૦ |
| ૦૪ | ૧૩૬-૨૦૨૬-૨૭ | ADEN બોટાદ ના અધિકારક્ષેત્રનું બેલેન્સ કામ – SSE/P.Way/વઢવાણ સિટીના અધિકારક્ષેત્ર હેઠળ PRCL સેક્શનમાં ૦૨ વર્ષો ના સમયગાળા માટે વિવિધ પી.વે જાળવણી કામનું અમલ કરવાનું કામ. | ૧,૪૯,૪૪,૯૮૧.૭૪ | ૨,૯૮,૯૦૦.૦૦ |

ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે :- બિડિંગ પ્રારંભ થવાની તારીખ : ૦૪-૦૯-૨૦૨૬ અને બિડિંગ બંધ થવાની તારીખઃ ૧૮-૦૯-૨૦૨૬ વેબસાઈટ વિગતઃ www.ireps.gov.in BVP-115

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ x.com/WesternRly


# વડવામાં સ્ટ્રીટ લાઈટના અંજવાળે જાહેરમાં જુગાર રમતા ચાર ઝબ્બે

ભાવનગર,તા.૧

ભાવનગર એલસીબી પોલીસ ઈન્સ્પેક્ટરની સૂચના મુજબ એલ.સી.બી.નો સ્ટાફ નાઈટ પેટ્રોલીંગમાં હતો, તે દરમિયાન વડવા વાસણઘાટ ચોક પાસે બાતમી મળી હતી કે વડવા કોળીવાડ ગોહેલ બિલ્ડીંગની સામે જાહેરમાં કેટલાક શખ્સો સ્ટ્રીટ લાઈટના અંજવાળે ગંજીપત્તાના પાનાં વડે જુગાર રમી રહ્યા છે.આ બાતમીના આધારે પંચોને સાથે રાખી પોલીસે બાતમીવાળી જગ્યા પર રેડ કરી હતી. આ દરમિયાન સાગર અજયભાઈ ગોહિલ, રવિ બટુકભાઈ પરમાર, કિશન મગનભાઈ પરમાર અને નરશીભાઈ કાનજીભાઈ ચૌહાણ (તમામ રહે. વડવા, ભાવનગર) નામના ચાર શખ્સો ગોળકુંડાળું વળીને હારજીતનો જુગાર રમતા રંગેહાથ ઝડપાઈ આવ્યા હતા.

પોલીસે પટ્ટમાંથી ગંજીપત્તાના પાના નંગ-૫૨ અને રોકડ રકમ મળી કુલ રૂ. ૬,૩૬૦/- નો મુદ્દામાલ કબજે કર્યો હતો.અને ચારેય આરોપીઓ વિરુદ્ધ નિલમબાગ પોલીસ મથકમાં જુગારધારા કલમ હેઠળ ધોરણસર અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૪૨૭/૨૦૨૬**

**જન્મ તારીખ ૦૩/૦૬/૨૦૧૫**

**શ્રી કાજલબેન દેવરાજભાઈ રાઠોડ,**
**રહે, તરસમીયા, કોળી ફળીયુ. જાસોલીયાના મઠ પાસે,**
**ભાવનગર. મો-૯૯૭૮૯૨૫૭૫૭**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી કાજલબેન દેવરાજભાઈ રાઠોડએ તેમના પુત્રી નેન્સી દેવરાજભાઈ રાઠોડ નો જન્મ તા.૦૩/૦૬/૨૦૧૫ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૨૪/૦૮/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**



**ટેન્ડર નોટીસ**

ભાવનગર જિલ્લાની સરકારી કચેરીઓમાંથી વર્ષ:૨૦૨૪-૨૫ માટે રદ્દી-પસ્તી ઉપાડવાનો ઈજારો આપવાનો છે. રસ ધરાવતા સ્થાનિક વેપારીઓએ(ભાવનગર જિલ્લાની હદ પુરતા) રૂા.૧૦૦/- (અંકે રૂપિયા એકસો પુરા) "૦૦૭૫ પરચુરણ સામાન્ય સેવાઓ" સદરે ચલણથી જમા કરાવી અસલ ચલણ રજુ કરી તા.૧૦/૯/૨૦૨૬ સુધીમાં જાહેર રજા સિવાયના કામના દિવસોએ કચેરી સમય દરમિયાન કોરા ટેન્ડર ફોર્મ કલેકટર કચેરી, ભાવનગરની રેકર્ડ શાખામાંથી મેળવી લેવાના રહેશે. ઇ.એમ.ડી.ની રકમ રૂ.૩૦૦૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ કલેકટરશ્રી, ભાવનગરના નામનો અસલ ડી.ડી. ટેન્ડર ફોર્મ સાથે તા.૨૧/૯/૨૦૨૪ સુધીમાં કલેકટર કચેરીની રજીસ્ટ્રી શાખાને મળી જાય તે રીતે રજી.એ.ડી.થી કવર પર સ્પષ્ટ અક્ષરે "વર્ષ:૨૦૨૬-૨૭ માટે રદ્દી-પસ્તીનું ટેન્ડર" એમ દર્શાવીને મોકલી આપવાનું રહેશે. ટેન્ડર ફોર્મ તા.૨૩/૯/૨૦૨૬ના રોજ ૧૬-૦૦ કલાકે નિવાસી અધિક કલેકટરશ્રી, ભાવનગર રૂબરૂ ખોલવામાં આવશે. ટેન્ડર ફોર્મ મંજુર કે નામંજુર કરવાનો અબાધિત હક્ક કલેકટરશ્રી, ભાવનગરનો રહેશે.

નિવાસી અધિક કલેકટર, ભાવનગર

માહિતી-ભાવ-૫૮૯-૨૬



**જાહેર નિવિદા (ઓફલાઈન)**
**મહુવા નગરપાલિકા, મહુવા**
**ટૂંકી મુદતની નિવિદા**

મહુવા નગર પાલિકા દ્વારા નીચે જણાવેલ વિગતે સામાન/વસ્તુ માટે ઈજારદારો/એજન્સી પસેથી ભાવો મંગાવામાં આવે છે.

| | |
|---|---|
| ૧ | ૧૮ વોલ્ટની એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટના ડ્રાઈવર (સર્કીટ) |
| ૨ | ૩૫ વોલ્ટની એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટના ડ્રાઈવર(સર્કીટ) |
| ૩ | ૧૮ વોલ્ટની એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટના PCB |
| ૪ | ૩૫ વોલ્ટની એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટના PCB |
| ૫ | ૪૫ થી ૫૦AMP થ્રી-ફેઇઝના કોન્ટેક્ટર |
| ૬ | ડીજીટલ ટાઈમર |
| ૭ | ૩૨ amp M.C.B S.P સ્વી ચ |
| ૮ | ૪ mm એલ્યુમીનીયમ સર્વિસ વાયર ટુ-કોડ (બંડલ-૯૦ મીટર) |
| ૯ | ૨૪ થી ૩૬ વોલ્ટ એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટ બ્રેકેટ/ક્લેમ્પ સાથે |

ઉપર મુજબની સામાન/વસ્તુ ના ભાવો (તમામ ટેક્ષ સાથેના) લેટર પેડ ઉપર લખી બંધ કવર માં સ્પીડ પોસ્ટ/કુરિયર/રજીસ્ટર એ.ડી. થી તાઃ૩૧/૦૮/૨૦૨૬ થી તાઃ૦૭/૦૯/૨૦૨૬ સુધી માં નગરપાલિકા મહુવા ખાતે મોકલી આપવાના રહેશે અને આવેલા ભાવો પૈકી એક કે તમામ ભાવો રદ્દ કરવાની સત્તા મહુવા નગરપાલિકાને આબાધિત રહેશે

(પરાક્રમસિંહ ટી. મકવાણા) ચીફ ઓફિસર મહુવા નગરપાલિકા
(હિરેનભાઈ એન મકવાણા) ચેરમેન લાઈટ કમિટી મહુવા નગરપાલિકા
(જયપાલસિંહ.એસ.વાળા) ઉપપ્રમુખ મહુવા નગરપાલિકા
(મિતલબેન.આર.જોષી) પ્રમુખ મહુવા નગરપાલિકા.

માહિતી-ભાવ-૫૯૧-૨૬






ભાવનગર આવૃત્તિ 8 તા. ૦૧-૦૯-૨૦૨૬, મંગળવાર

LEELA NEWS NETWORK P. LTD

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર

બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫







# લઠ્ઠાકાંડઃ મુખ્ય સૂત્રધાર સાથે કનેક્શન ખૂલતા ASP સ્ક્વોર્ડના કોનસ્ટેબલ રાજદીપસિંહની ધરપકડ

ભાવનગર,તા.૧

ભાવનગર લઠ્ઠાકાંડની તપાસ સ્ટેટ મોનિટરિંગ સેલને સોંપાયા બાદ તપાસનો ધમધમાટ અત્યંત ઝડપી બન્યો છે. SMCના વડા ગગનદીપ ગંભીરના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલી આ સઘન તપાસમાં અત્યાર સુધી મુખ્ય સૂત્રધાર સહિત કુલ ૩૮ આરોપીઓની ધરપકડ કરવામાં આવી ચૂકી છે. આ દરમિયાન તપાસની આગ હવે પોલીસ વિભાગ સુધી પણ પહોંચી છે.

તપાસ અધિકારીઓએ પકડાયેલા આરોપીઓ ઉપરાંત શંકાસ્પદ પોલીસ કર્મચારીઓના મોબાઈલ ફોનના કોલ ડિટેઈલ રેકોર્ડ (CDR) ની ઊંડાણપૂર્વક ચકાસણી હાથ ધરી હતી. આ ટેકનિકલ તપાસ દરમિયાન ભાવનગર ગ્રામ્ય ડિવિઝનની ASP સ્કવોર્ડમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારી રાજદીપસિંહ ગજુભા ગોહિલનું નામ સામે આવ્યું હતું.તપાસમાં ખૂલ્યું કે રાજદીપસિંહ ગોહિલની લઠ્ઠાકાંડના મુખ્ય સૂત્રધાર ગૌતમ સોલંકી સાથે ફોન પર વાતચીત થઈ હતી.

## એસએમસીની તપાસમાં મોટો ખુલાસોઃ CDR રિપોર્ટના આધારે કાર્યવાહી થતાં પોલીસ બેડામાં ખળભળાટ, રિમાન્ડની માંગ સાથે સાંજે કોર્ટમાં રજુ કરાશે

આ મહત્વની અને ચોંકાવનારી કડી હાથ લાગતા જ SMCની ટીમે ગત મોડી રાત્રે રાજદીપસિંહ ગોહિલની ધરપકડ કરી લીધી હતી.ધરપકડ કરાયેલા આ પોલીસ કર્મીને આજે સાંજના સમયે કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવશે. પોલીસ વિભાગના જ કર્મચારીની ગંભીર ગુનામાં સંડોવણી બહાર આવતા અને તેની ધરપકડ થવાથી સમગ્ર પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે. SMC દ્વારા હાલ અન્ય બુટલેગરો સાથે સંપર્ક કે સંબંધ ધરાવતા અન્ય પોલીસકર્મીઓની પણ સઘન તપાસ કરવામાં આવી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં આ કેસમાં વધુ પોલીસ કર્મચારીઓની સંડોવણી બહાર આવે અને તેમની સામે પણ કાયદાકીય કાર્યવાહી થાય તેવી પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે.

લઠ્ઠાકાંડમાં એએસપી સ્ક્વોર્ડના પોલીસ કર્મચારી રાજદીપસિંહની ધરપકડ બાદ ભાવનગર પોલીસ બેડામાં ચકચાર મચી જવા પામી છે અને હજુ કેટલાક પોલીસ કર્મચારીઓ એસએમસીની શંકાના દાયરામાં હોવાનું અને તેની પણ તપાસ ચાલુ હોવાનું ચર્ચાઈ રહ્યું છે.



# ભાવનગર લઠ્ઠાકાંડઃ 'ઝેર' સપ્લાય કરનાર ઉમેદ આગ્રાથી ઝબ્બે, ૭ દિવસના પોલીસ રિમાન્ડ મંજુર

**વિદેશી દારૂમાં ઝેરી મિથેનોલ કેમિકલ ભેળવી ૧૩ લોકોનો ભોગ લેનાર માસ્ટરમાઈન્ડ ઉમેદની અટકાયત; સમગ્ર ગુજરાતમાં નેટવર્ક ફેલાયેલું હોવાનો ખુલાસો**



તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૧

ભાવનગરમાં ઝેરી દારૂના કારણે ૧૩ નિર્દોષ લોકોના કરુણ મોત નીપજતાં સમગ્ર રાજ્યમાં ભારે અરેરાટી મચી ગઈ છે. આ કાળમુખા લઠ્ઠાકાંડમાં સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે આક્રમક કાર્યવાહી કરીને અત્યાર સુધીમાં ૩૭ અસામાજિક તત્વોને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. દરમિયાન, સમગ્ર કૌભાંડના મુખ્ય સૂત્રધાર અને ઝેરના સપ્લાયરને ઝડપી પાડવામાં જીસ્ઝને મોટી સફળતા સાંપડી છે.

SMCની વિશેષ ટીમે ચોક્કસ સુરાગના આધારે ઉત્તરપ્રદેશના આગ્રા ખાતે દરોડો પાડીને મુખ્ય આરોપી ઉમેદની ધરપકડ કરી છે. તેને કડક બંદોબસ્ત વચ્ચે ગુજરાત લાવી કાયદાકીય શિકંજામાં લેવાયો છે. ગુજરાતના ઈતિહાસમાં આ પ્રથમ એવો કિસ્સો છે જેમાં દેશી દારૂ નહી, પરંતુ વિદેશી દારૂમાં વધુ નફો કમાવવાની લાલચે આત્યંતિક ઝેરી મિથેનોલ કેમિકલ મિશ્રિત કરવામાં આવ્યું હતું. પૂછપરછમાં ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે કે ઉમેદ માત્ર ભાવનગરમાં જ નહી, પરંતુ સમગ્ર ગુજરાત અને રાજ્ય બહાર ચાલતી ગેરકાયદે બનાવટી દારૂની ફેક્ટરીઓમાં આ ઝેરી કેમિકલ સપ્લાય કરતો હતો. SMC દ્વારા આરોપીને અદાલતમાં રજૂ કરાતાં કોર્ટે તેના ૭ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. રિમાન્ડ દરમિયાન પૂછપરછના આધારે સમગ્ર રાજ્યમાં ફેલાયેલા આ કાળા કારોબારના સિન્ડિકેટ સુધી તપાસનો વ્યાપ લંબાવાશે.

# આજે નાગ પંચમીઃ શરમાળીયા દાદાના મંદિરે ભાવિકોની ભીડ





તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૧

શ્રાવણી પર્વની શૃંખલામાં આજે નાગ પંચમીની ઉજવણી કરવામાં આવી રહી છે. સમગ્ર ગોહિલવાડ પંથકમાં બહેનો દ્વારા આજે નાગપંચમીનું વ્રત કરીને ઉજવણી કરવામાં આવે છે.

ભાવનગર શહેરમાં કુંભારવાડા, અમર સોસાયટી ખાતે આવેલ પૌરાણિક શરમાળીયા દાદાના મંદિરે સવારથી નાગદેવતાનું પૂજન અર્ચન અને દર્શન કરવા ભાવિકો ઉમટી પડયા હતા અને નાગદેવતાની પ્રતિમા ઉપર દૂધનો અભિષેક અને પૂજન કરી કુલેર સહિતનો પ્રસાદ ધરાવી દર્શન કાર્ય હતા. આ ઉપરાંત શિવ મંદિરોમાં પણ ભાવિકોએ પૂજા-અર્ચના કરી હતી.

ભાવનગરના નેક નામદાર મહારાજા કૃષ્ણકુમારસિંહજી દ્વારા સ્થપાયેલ કુંભારવાડા અમરસોસાયટી ખાતે આવેલા શરમાળીયા દાદાના મંદિરે નાગ પંચમીના દિવસે લોકમેળો પણ ભરાય છે. જેમાં મોટી સંખ્યામાં લોકો આવે છે. આવતીકાલે રાંધણ છઠ્ઠ નિમિતે શીતળા સાતમ માટે રસોઈ બનાવી બહેનો દ્વારા ઉજવણી કરશે અને રાત્રે ચૂલાને ઠારીને પૂજન કરવામાં આવશે.

# લાખાવાડમાં વાડીના શેઢે સનેડો ચલાવવા બાબતે તકરાર : સામસામે ફરિયાદ

ભાવનગર,તા.૧

ઉમરાળા તાલુકાના લાખાવાડ ગામે વાડીના શેઢા પાસે સનેડો વાહન લાવવા અને સબમર્સિબલ પંપના વાયરને નુકસાન પહોંચાડવા બાબતે બે જૂથ વચ્ચે તકરાર થઈ હતી. બોલાચાલી બાદ મામલો વણસતાં બંને પક્ષો વચ્ચે પાઈપ અને લાકડીઓ વડે હિંસક મારામારી થઈ હતી.

આ બનાવ અંગે સુરેશભાઈ ડાંગરે ખોડાભાઈ, અશોકભાઈ, કુલદીપ અને યશ સામે પોતાના પરિવાર પર હુમલો કરી ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી છે. સામા પક્ષે ખોડાભાઈ ડાંગરે સુરેશભાઈ, પૃથ્વીરાજ અને જગાભાઈ સામે લાકડી વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની વળતી ફરિયાદ નોંધાવી છે. ઉમરાળા પોલીસે ગુનો નોંધી આગળની કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે.

# ગુનાખોરી અને અસામાજિક પ્રવૃત્તિઓ સામે કડક પગલાં લેવા રેન્જના તમામ SPને આદેશ

## અનડિટેક્ટ ગુનાઓ ઉકેલવા, જુગાર-દારૂના અડ્ડા પર દરોડા પાડવા અને ગેરકાયદે પ્રવૃત્તિમાં મિલીભગત ધરાવતા પોલીસ કર્મચારીઓ સામે કડક કાર્યવાહીની સૂચના



ભાવનગર,તા.૧

શ્રાવણ માસના આગામી તહેવારો અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિને સુદ્રઢ બનાવવાના હેતુથી ભાવનગર રેન્જ IG રાજેન્દ્ર અસારીના અધ્યક્ષસ્થાને ત્રણેય જિલ્લાની એક મહત્ત્વની ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ હતી. આ બેઠકમાં ગુનાખોરી નિયંત્રણ, અનડિટેક્ટ ગુનાઓનો ત્વરિત ઉકેલ લાવવા અને અસામાજિક પ્રવૃત્તિઓ પર નાથબાંધવા માટે ત્રણેય જિલ્લાના SP તેમજ DySPને કડક સૂચનાઓ આપવામાં આવી હતી.

રેન્જ IG દ્વારા અનડિટેક્ટ ચોરી અને લૂંટ જેવા ગુનાઓના ડિટેક્શન પર વિશેષ ભાર મૂકવા તથા પેન્ડિંગ વહીવટી પ્રશ્નોનો ઝડપી નિકાલ લાવવા માટે ચોક્કસ એક્શન પ્લાન ઘડી કાઢવા જણાવવામાં આવ્યું હતું. શ્રાવણ માસ દરમિયાન દેશી-વિદેશી દારૂ તેમજ જુગારની પ્રવૃત્તિઓ પર કડક ઝુંબેશ ચલાવવા અને અસામાજિક તત્વો સામે પાસા (PASA) તથા તડીપાર જેવા પ્રિવેન્ટિવ પગલાં લેવા માટે પણ સ્પષ્ટ આદેશો કરાયા હતા.

ભૂતકાળમાં બનેલી લઠ્ઠાકાંડ જેવી ગંભીર દુર્ઘટનાઓનું ભવિષ્યમાં પુનરાવર્તન ન થાય તે માટે સંવેદનશીલ વિસ્તારોમાં સતત દરોડા પાડવા અને તમામ વિંગને સતત એલર્ટ મોડ પર રાખવા સૂચના અપાઈ હતી. રેન્જ IGએ સ્પષ્ટ ચેતવણી આપતાં જણાવ્યું હતું કે, પ્રોહિબિશન કે અન્ય કોઈ ગેરકાયદે પ્રવૃત્તિઓમાં જો કોઈ પોલીસ કર્મચારી કે અધિકારીની મિલીભગત અથવા મેળાપીપણું સામે આવશે તો તેમની સામે સહેજ પણ ચલાવી લીધા વિના કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.આ ઉપરાંત, કાયદો અને વ્યવસ્થાને અસર કરતી કોઈપણ નાનામાં નાની ઘટના બને ત્યારે સંબંધિત થાણા ઈનચાર્જ, DySP અને SPએ તાત્કાલિક ઉચ્ચ સ્તરે રિપોર્ટિંગ કરી, જરૂરી માર્ગદર્શન મેળવીને ત્વરિત પગલાં ભરવા માટે પરિપત્ર દ્વારા સૂચના જારી કરવામાં આવી છે.

# સિહોરના વડીયામાં સાળા-બનેવી પર લોખંડના પાઈપથી હુમલો

ભાવનગર,તા.૧

સિહોરના ઘાંઘળી ગામે રહેતા અશોકભાઈ સાટીયા રાત્રિના સમયે સિહોરથી દૂધ આપીને પરત ઘાંઘળી જઈ રહ્યા હતા. આ દરમિયાન વડીયા ગામની મઢુલી પાસે વડીયાના રહેવાસી વિજય કનુભાઈ પરમારે અશોકભાઈના બનેવી વજાભાઈ સાથે અગમ્ય કારણોસર માથાકૂટ કરી હતી.તકરાર વધતાં આરોપી વિજય પરમારે હાથમાં રહેલા લોખંડના પાઈપ વડે વજાભાઈ અને અશોકભાઈ પર હુમલો કરી મુંઢ ઈજાઓ પહોંચાડી હતી તેમજ ગાળો ભાંડી હતી. આ હુમલા અંગે અશોકભાઈ સાટીયાએ વિજય પરમાર સામે સિહોર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદાકીય તપાસ હાથ ધરી છે.

# મ્યુ. સ્ટેન્ડિંગમાં ૫૩.૮૯ કરોડના વિકાસ કામોને મંજૂરી

## માલેશ્રી નદી પર ફોરલેન બ્રિજ બનશે

ભાવનગર,તા.૧

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા શહેરની માળખાગત સુવિધાઓમાં વધારો કરવાના હેતુથીરૂ.૫૩.૮૯ કરોડના અંદાજિત ખર્ચે ૨૧ જેટલા વિવિધ વિકાસ કાર્યોને સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં મંજૂરી આપવામાં આવી છે. કમિટીના ચેરમેન કિશન મહેતાના અધ્યક્ષસ્થાને મળેલી આ બેઠકમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અને સ્વચ્છ ભારત મિશન હેઠળના કામોને મંજૂરીની મહોર મારવામાં આવી હતી.



આ બેઠકમાં સૌથી મહત્વનો નિર્ણય ઘોઘાસર્કલ-અકવાડા વોર્ડમાં માલેશ્રી નદી પર રૂ.૨૫.૭૭ કરોડના ખર્ચે ફોરલેન બ્રિજ બનાવવાનો લેવાયો છે. આ ઉપરાંત, ઉત્તર અને દક્ષિણ સરદારનગર વોર્ડમાં સીતારામ હોસ્પિટલ તરફના રસ્તાઓને ફોરલેન પેવર રોડમાં ફેરવવા રૂ.૧૬.૦૫ કરોડ તથા અધેવાડા પાસે માલેશ્રી નદી પર બોક્સ કલ્વર્ટ બનાવવા રૂ.૮.૮૪ કરોડ મંજૂર કરાયા છે. પર્યટનને વેગ આપવા બોરતળાવ ખાતે જોગર્સ પાર્કના વિકાસ માટે રૂ.૧.૧૭ કરોડ, કુંભારવાડામાં આર.સી.સી. રોડ અને ડ્રેનેજ લાઈન અપગ્રેડ કરવા રૂ.૧.૯૨ કરોડ તથા બોરતળાવ વોર્ડમાં પેવિંગ બ્લોક માટે રૂ.૧૧.૫૭ લાખ ફાળવવામાં આવ્યા છે.

નોંધનીય છે કે, શહેરમાં ચાલી રહેલા પેવિંગ બ્લોકના કામોમાં નબળી ગુણવત્તા અને કોન્ટ્રાક્ટરો સાથેની સાઠગાંઠ જેવી લાલિયાવાડી બંધ કરવા ચેરમેને તંત્રને કડક શબ્દોમાં ટકોર કરી હતી.

**૨૧ વિકાસકામો પર મહોર; પેવિંગ બ્લોકની નબળી ગુણવત્તા અને લાલિયાવાડી સામે ચેરમેન કિશન મહેતાએ તંત્રને કડક ટકોર કરી**

# તળાજામાં સગીરાની છેડતી કરી જાનથી મારી નાખવાની ધમકી

ભાવનગર,તા.૧

તળાજા પંથકમાં સ્કૂલ-કોલેજ જતી વિદ્યાર્થિનીઓની છેડતી અને રોમિયોગીરીના બનાવો સામે પોલીસ કડક વલણ અપનાવી રહી છે. આ દરમિયાન તળાજા પોલીસે ૧૫ વર્ષની સગીરાની છેડતી કરવા અને ધમકી આપવા મામલે કળસાર (તા. મહુવા)ના રહેવાસી પૃથ્વી ખોડાભાઈ મેર સામે ગુનો નોંધ્યો છે.આરોપીએ સગીરાનો હાથ પકડી, પોતાનો મોબાઈલ નંબર આપી સંબંધ રાખવા માટે દબાણ કર્યું હતું. સગીરા સંબંધ નહીં રાખે તો તેના પિતા અને ભાઈને મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ ઘટના અંગે તળાજા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતાં પોલીસે આરોપી સામે ગુનો નોંધી તેને ઝડપી પાડવા આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# પાલીતાણામાં સોનાની ચેઈન આંચકવાનો પ્રયાસ

ભાવનગર,તા.૧

પાલીતાણાની સાંચોર ભવન ધર્મશાળામાં ચોમાસું કરવા આવેલા પુષ્પાદેવી તેજરાજ શાહ ધર્મશાળા તરફ જઈ રહ્યા હતા, ત્યારે બાઈક પર આવેલા બે અજાણ્યા શખસોએ ઝાપટ મારી તેમના ગળામાંથી સોનાની ચેઈન આંચકવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન ચેઈન તૂટીને નીચે પડી જતાં બંને લૂંટારૂઓ ભાગી છૂટ્યા હતા.આ બનાવ અંગે ધર્મશાળાના મેનેજર મયુરભાઈ સંઘવીએ પાલીતાણા ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.


